Rotary
Club of Surendranagar

SERVE TO CHANGE LIVES

RI CLUB ID : 15139

RI DISTRICT : 3060

CHARTER DATE : 29th MAY 1955

| R.I. President | DISTRICT GOVERNOR | Club President | Club Secretary |
|---|---|---|---|
| Rtn. Shekhar Mehta | Rtn. Santosh Pradhan | Rtn. Rashmin Mehta | Rtn. Sagar Shah |

# ENDEAVOUR

બુલેટીન નં ૪ વર્ષ -૬૮






મીટિંગ કોલ ટુ ઓર્ડર Rtn. હિરેન શાહ એ કર્યા બાદ, થી ફોર વે ટેસ્ટ માટે જયનાબેન સોની આવ્યા હતા. Rtnl ઉદયભાઈ રાવલ એ ખૂબ સરસ સુવિચાર રજૂ કર્યો હતો. એટેંડેંસ Rtn. જય મેહતા દ્વારા રજૂ કરવા માં આવી હતી જ્યારે બર્થડે અને એનીવરસરી ગ્રીટિંગ્સ રાજેશ્વરીબેન રાવલ દ્વારા કરવા માં આવી હતી.

ગત મીટીંગ ગુરૂવાર તારીખ - ૨૨-૭-૨૧ ના રોજ યોજવા માં આવી.

મીટીંગ ને સેક્રેટરી Rtn. સાગર શાહ તથા PP. Rtn. પ્રત્યુષ ગોસલીયા દ્વારા કન્ડકટ કરવામાં આવી.

શનીવાર તા - ૧૭-૭-૨૧ ના રોજ બોડ મીટીંગ નુ આયોજન પ્રેસિડેંટ રશ્મિન મેહતા ના પ્રમુખ સ્થાને કરવામાં આવેલ. બોડ મીટીંગ ની અંદર લેવાયેલ નીર્ણયો વગેરે નો વિગતવાર અહેવાલ નીચે મુજબ છે.

- ગત વર્ષ ના એકાઉન્ટ્સ બહુમતી થી પાસ કરવામાં આવ્યા.

- વર્ષ દરમિયાન અન્નપૂર્ણા પ્રોજેકટ, બ્લડ ડોનેશન કેંપ, હુંફ પ્રોજેકટ, વ્યસન મુકિત, સે નો ટુ પ્લાસ્ટિક પ્રોજેકટ, પ્લાસ્ટિક સરજરી કેંપ કરવા તેમ નક્કી થયું

- રોટરી ગાર્ડ્ન ડેવલોપ કરવા માટે વિચારણા કરવામા આવી અને આ પ્રોજેકટ ને અમલ કરવા માટે સૌની સહમતી મળી. આ પ્રોજેકટ ના અમલીકરણ કરતાં પેહલા દરેક પહ્લૂ ને ચકાસી, ખર્ચ ના એસટીમેટ કાઢવા એક કમિટી નીમવામાં આવી

- વાહનો પાછળ લાઇટ ના હોવા ને કારણે રાત્રે અકસ્માત સર્જાય છે તે માટે વાહનો પાછળ રોટરી ના રેડિયમ સ્ટીકર લગાડવા તથા ગાયો અને ભેંસો ના ગળા માં રેડિયમ કોલર પહેરાવવા અંગે ના પ્રોજેકટ ની વિચારણા કરી અને પ્રોજેકટ ને આગળ વધારવા સહમતી આપવામાં આવી.

- આઇ સી યુ ઓન વીલ્સ જે આપણા પ્રેસિડેંટ તથા સેક્રેટરી નો ડ્રીમ પ્રોજેકટ છે, તેના વિશે ચર્ચા વિચારણા કરી અને સહમતી આપવામાં આવી.

- ઇકવીપમેન્ટ સેંટર/હેલ્પ સેંટર ફોર ફીઝીકલ ચેલેન્જ અંગે ની ચર્ચા કરી અને હેલ્પ સેંટર બનાવવા નુ નકકી કરવામાં આવ્યુ.

- રોટરી હોલ ની ઉપર એક માળ બનાવવો, તે પ્રોજેકટ નું પ્લાનિંગ અને એક્સીક્યૂશન આવતા ૩ વર્ષ માં કરવો તેવો સૂજાવ કરવા માં આવ્યો.

- રોટરી મેડીકલ સ્ટોર કરવા બાબતે ની ચર્ચા થઈ અને આગળ વધવા નો નીર્ણય લીધો.

- રોટરી કલબ ના બાય લોસ તથા ટ્રસ્ટ ના બાય લોસ વિશે ચર્ચા કરવામા આવી.



અન્નપૂર્ણા પ્રોજેકટ માટે એરીયા તથા મેનુ નકકી કરવા અંગે ડેટાબેસ તૈયાર કરવા માટે ચર્ચા વિચારણા થઇ. Rtn. કમલેશ રાવલ આ અંગે ફરધર વીગત જણાવશે.

Rtn. કલ્પનાબેન મહેતા એ રવિવાર ૧૮-૭-૨૧ ના રોજ યોજાયેલ અન્નપૂર્ણા પ્રોજેકટ નો વિગતવાર અહેવાલ આપ્યો હતો. બપોરે ભેગા મળી અને રોટરી હોલ ઉપર ફુડ પેકેટસ તૈયાર કરવામાં આવ્યા. આની અંદર રોટરીયંસ તથા સ્પાઉસ એ ઉત્સાહ ભેર ભાગ લઇ અને સરસ તૈયારી કરી હતી. સાંજે ૫:૦૦ વાગ્યા ની આસપાસ કાંગસીયા વસાહતમાં રોટરી પરિવાર પહોચ્યો હતો. ત્યા રહેતા લોકો અને બાળકો ને ફુડ પેકેટસ વહેચ્યા. તેઓ ના ચહેરા પર ખુશી ની લાગણી જોવામાં આવી હતી. વાતાવરણ ખુશનુમા ભર્યુ હતુ. અને ત્યા વસાહતનાં જ એક ભાઇ ખુબ મધુર વાંસળી વગાડતા હતા.




શ્રી મહિપતકાકા ના સ્મર્ણાથે ત્રણેય રોટરી કલબ દ્રારા બ્લડ ડોનેશન કૈંપ નુ આયોજન અંગે Rtn. કમલેશ રાવલ એ વિગતવાર માહિતી આપી. કૈંપ નુ તા - ૮-૮-૨૧, રવિવાર ના રોજ આયોજન કરવાનુ નકકી કર્યુ. આશરે ૫૦૦ બોટલ્સ ભેગી કરવા નો ટારગેટ નકકી કરવામાં આવ્યો છે. આ કૈંપ નુ આયોજન વઢવાણ ઇન્ડસ્ટ્રીયલ અસોસીયેશન ના હોલ પર કરવામાં આવ્યુ છે.



ત્યાર બાદ બધા જ પ્રોજેકટ માટે ના ઇન્ફોર્મેશન ફ્લાર્યસ તૈયાર કરવા જેથી વધુ માં વધુ લોકો ને આપણા પ્રોજેકટસ વિશે જાણ કરી શકાય અને વધુ માં વધુ લોકો તેનો લાભ લઇ શકે, તે માટે ફ્લ્યાર્સ નુ વ્રાઇટઅપ તૈયાર કરવા માટે Rtn. ઋતા સોની એ તૈયારી બતાવી.

Rtn. અલ્પેશ સોની એ તેમના પિતાશ્રી સ્વ.ધીરજલાલ તુલશીદાસ સોની ના સ્મરર્ણા થે રૂ ૬૦૦૦૦ નુ યોગદાન અન્નપુર્ણા પ્રોજેકટસ / હુંફ પ્રોજેકટસ તથા અન્ય પ્રોજેકટ માટે જાહેર કરેલ છે. Rtn. અલ્પેશ સોની તથા તેમના પરિવાર ને ખુબ ખુબ અભિનંદન.

# Annapurna Project નો અહેવાલ




18-7-21 રવિવાર ના રોજ પ્રથમ અન્નપુર્ણા પ્રોજેક્ટ નું આયોજન કરવા માં આવ્યું હતું. જેમા સારી સંખ્યા માં રોટરી પરીવાર ના સભ્યો હાજર રહયા હતા. આ પ્રોજેક્ટ ના ચેર સ્પાઉસ દિપલ જય મહેતા તથા કો.ચેર કામીની અપૂર્વ શેઠ હતા. આશરે ૨૦૦ ફુડ પેકેટસ તૈયાર કરવામાં આવ્યા હતા. જેમા કેળા-પૌઆ, કેળા, ક્રીમરોલ, પાર્લે જી બિસ્કિટ અને ખાંડ નુ પેકેટસ મુકવામા આવ્યુ હતુ. પેહલા અન્નપૂર્ણા પ્રોજેક્ટ ના દાતા Rtn. અપૂર્વ શેઠ અને કામિની શેઠ હતા. તેઓ તરફ થી 200 કરતાં પણ વધુ ફૂડ પેકેટ્સ લાભાર્થી સુધી પોહચાડી શક્યા હતા. રો. કલ્પનાબેન મહેતા તરફથી સ્વાદિષ્ઠ અને બાળકો ને ખૂબ ભાવે એવા ક્રીમરોલ તથા રો. લલીતભાઇ કેલા તરફથી આકર્ષક ખાંડ ના પેકેટ આપવામાં આવ્યા હતા. સૌ ના પ્રિય પાર્લેજી બિસ્કિટ સીનીયર Rtn. Dr. એમ.ટી. નથવાણી તરફ થી આપવામાં આવ્યા હતા. આ ફુડ પેકેટસ નું કાંગસીયા વિસ્તાર માં વિતરણ કરવામાં આવ્યું હતુ. ત્યાનુ વાતાવરણ ખુબ આનંદ ભર્યુ હતુ. કાંગસીયા વસાહત ના એક ભાઇ ખૂબ સરસ વાસળી વાદન કરતા હતા આ વસાહતના બાળકો તથા મોટા ઓના ચહેરા ઉપર ઉત્સાહ જોવા મળ્યો હતો. રોટરી પરીવાર ના નાના મોટા સૌ કોઇ એ ઉત્સાહ પૂર્વક ભાગ લઇ અને પરફેટ ને સક્સેસ્ફુલ બનાવ્યો.









## Cakes and Candles




**Birthday**

24th July — Spo.Smita Parimal Modi

**Wedding Anniversary**

25th July — Rtn. Nitin and Rtn. Raksha Shah.

**Birthday**

27th July — Spo.Dr.Hiral Ankur Shah.

**Birthday**

27th July — Ann.Dr. Karishma Kamlesh Raval.